ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૭ ટકા

# વિશ્વ મહિલા દિવસે શહેરમાં મહિલા અધિકાર સંમેલન યોજાયુ



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ વિશ્વ મહિલા દિવસના રોજ ચંદ્રિકાબેન સોલંકીની આગેવાનીમાં મહિલા અધિકાર સંમેલન યોજાયું હતું. જેમાં આશાવર્કર, ફેસીલીટેટર, આંગણવાડી બહેનો, અને તેડાગર બહેનોના પડતર પ્રશ્નોને વાચા આપવા પ્રયાસ કર્યો હતો. જો કે આ કાર્યક્રમને પોલીસની પરમીશન ન હોવાથી આવેલી મહિલાઓની અટકાયત કરી દેવામાં આવી હતી.

મહિલા શકિત સેના ના પ્રમુખ ચંદ્રિકાબેન સોલંકીએ સરકારની બેવડી નિતી સામે પ્રહાર કર્યા હતા. સરકાર આશાવર્કર અને આંગણવાડી બહેનોને અસંગઠીત મજુર ગણી માનધન પેન્શન આપવાની વાત કરે છે. બીજીબાજુ આ બહેનોને એક મજુર જેટલુ પણ વેતન ચુકવવામાં આવતુ નથી. આંગણવાડી બહેનો સવારે ૯ થી ૩ ફરજ બજાવતી હોવાથી પોતના સંતાનોની યોગ્ય માવજત કરી શકતી ના હોઈ બીજા બાળકોને કુપોષણ મુકત કરનાર આંગણવાડી વર્કર ના બાળકો કુપોષણનો શિકાર બની રહ્યા છે. વિશ્વ મહિલા દિવસની ગરીમા જાળવીને વિરોધ પ્રદર્શીત કરવાની જગ્યાએ મહિલાઓને પોતાના અધિકારોથી માહિતગાર કરાયા હતા. પણ જો સરકાર દ્વારા મહિલાઓના અધિકાર ને છીનવવાનો પ્રયાસ કરનારને લોકસભાની ચુંટણીમાં મહિલા શકિતનો પરચો દેખાડવાની વાત કરી હતી.

## મધુર ડેરી દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અને રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમના સંયુકત ઉપક્રમે મહિલા સન્માનનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર ગામોની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના મહિલા ચેરપર્સનશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા મહિલા આગેવાનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સહકારી મંડળીઓમાં નેતૃત્વ બાબતે રાષ્ટ્રિય સહકારી વિકાસ નિગમ દિલ્હીથી પધારેલ તજજ્ઞોએ ખૂબ જ સુંદર પ્રોત્સાહક વકતવ્ય આપ્યા હતા. નેતૃત્વના ગુણો અને સહકારી મંડળીના વિકાસની સુંદર રજુઆત કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ ગાંધીનગર જીલ્લા રજિસ્ટ્રાર સ્વેતાબેન પટેલે મહિલા પશુપાલકોને અભિનંદન પાઠવ્યા હતા. સંઘના ચેરમેન ડો.શંકરસિંહ રાણાએ મહિલાલક્ષી વિકાસમય મધુર ડેરીના વહીવટ અને સંચાલનમાં મહિલાનો ખુબ મોટો ફાળો છે. આજે ૩૩ મંડળીઓ માત્ર મહિલા સ્થાપિત અને સંચાલિત છે. જેનો સંપૂર્ણ વહીવટ મહિલાઓ જ કરે છે એનું મને ગૌરવ છે. આગામી ૨૦૨૦ સુધી વધુ ને વધુ પશુપાલક મહિલા આગેવાનો આ અભિયાનમાં જોડાશે એ બાબતે તેમણે ભાર પૂર્વક જણાવ્યું હતુ. કાર્યક્રમના અતિથિ વિશેષ બીનાબા રાણા, રાજપુત સમાજના પ્રમુખશ્રી એ કાર્યક્રમમાં પધારેલ મહિલાઓને નારી શક્તિ અને નારી તું નારાયણીની વિચારધારાની સુંદર રજુઆત કરી હતી. કાર્યક્રમમાં મધુર ડેરીના મેનેજિંગ ડિરેકટર, એન.સી.ડી.સી ગુજરાતના રિજિયોનલ ડિરેકટરશ્રીએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંઘના પ્રોક્યોરમેન્ટ મેનેજર હંસાબેન પટેલે કર્યું હતું.






આજે વિશ્વ મહિલા દિવસની ઉજવણી દેશભરમાં વિવિધ રીતે કરવામાં આવી હતી. રાજયના રગ્બી-ફૂટબોલ રમત માટે કાર્યરત રગ્બી ફુટબોલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા આ પ્રસંગે રાજયની મહિલા ટીમને તથા ગુજરાતની મહિલા રગ્બી ફુટબોલ ટીમના કેપ્ટન રાષ્ટ્રીય ખેલાડી જાગૃતિ મકવાણા અને રાષ્ટ્રીય રેફરી ડિમ્પલ રાઠોડને વિશેષ સન્માનવામાં આવ્યા હતા.

## છેલ્લા અઢી વર્ષથી નાસતો ફરતો બુટલેગર ઝડપાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ મથકમાં અઢી વર્ષ પહેલા કલોલ તાલુકાના બાલવા વિસ્તારના બુટલેગર સામે પ્રોહીબીશનનો ગુનોં નોંધાયો હતો. ગુનોં નોંધાયો ત્યારથી આ બુટલેગર ભરતસિંહ બાબુજી ભાટી નાસતો ફરતો હતો. ગાંધીનગર એસઓજી પી.આઈ.જે.જી.વાઘેલાની ટીમ આજે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ અરવિંદસિંહને બાતમી મળી હતી કે ઉપરોક્ત ગુનામાં નાસતો ફરતો બુટલેગર પેથાપુર ચાર રસ્તા પાસે ઉભો છે. બાતમીના આધારે વોચ ગોઠવીને એસઓજીને ટીમે અઢી વર્ષથી નાસતા ફરતા બુટલેગરને પકડી પાડ્યો હતો. આરોપીની ધરપકડ કરીને એસઓજીની ટીમે પેથાપુર પોલીસને સોંપી દીધો છે. પેથાપુર પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## સે-પમાં યુવકે પંખે મફલર બાંધી જીવન ટુંકાવ્યુ

ગાંધીનગર,તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી ખાતે રહેતા યુવકે અગમ્ય કારણોસર ઘરમાં પંખા સાથે મફલર બાંધીને પોતાનું જીવન ટુંકાવી દીધુ હતુ. મૃતક યુવક મુળ થરાદનો વતની હતો, અને ગાંધીનગર ખાતે રહીને જીપીએસસીની તૈયારી કરતો હતો. આશાસ્પદ યુવકના અચાનક મૃત્યુથી સમગ્ર સેકટરમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતું.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૫ બી પ્લોટ નં. ૫૯૯-૨ ખાતે રહેતા ભરત સવજીભાઈ સુથાર મુળ રહે. થરાદ બનાસકાંઠા ગાંધીગનરમાં રહીનો જીપીએસસીની તૈયારી કરતો હતો. ભરત પોતાના બે મિત્રો સાથે રહેતો હતો પરંતુ શુક્રવારના રોજ તેના મિત્રો બહાર ગયા હતા. ત્યારે ઘરે એકલા પડેલા યુવકે અગમ્ય કારણોસર પંખા સાથે મફલર બાંધી આપઘાત કરી લીધો હતો. અહીં બાજુના ઘરમાં જ લગ્ન પ્રસંગ હોવાથી રોશનીથી ઘરને સજાવવામાં આવતુ હતું.ત્યારે ધાબા પર સિરીઝો લગાવવા માટે ગયેલા એક કારીગરે યુવકને લટકતી હાલતમાં જોયો હતો. ઘટનાની જાણ થતા સેકટર-૭ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનું પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે ઓએનજીસી દ્વારા આયોજિત ગેસ વિતરણ કાર્યક્રમમાં કુલ ૨૨૫ લાભાર્થીઓને વિના મૂલ્યે ગેસ કનેકશન પુરા પાડવામાં આવ્યા હતા. આ ગેસ કનેકશન ગાંધીનગરના ઈન્ફોસિટી ખાતે કાર્યરત મારૂતિનંદન ભારત ગેસ એજન્સી દ્વારા પુરા પાડવામાં આવ્યા હતા.


## સમસ્ત જણસારી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના સમસ્ત જણસારી, જનક્ષેત્રિય સમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ, ઈનામ વિતરણ અને ૭૫ વર્ષના વડીલ સિનીયર સિટિઝનોનો બહુમાનનો કાર્યક્રમ યોજાયો હતો.

સમસ્ત જણસારી, જનક્ષેત્રીય સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં પ્લેગ્રુપથી લઈ ધો-૧૨ સુધીના વિદ્યાર્થીઓને ઈનામ તથા શુભેચ્છા પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ સર્વેને મેડલ તથા સન્માન પત્ર આપવામાં આવ્યા હતા અને ૭૫ વર્ષના વડીલોનું શાલ અને સન્માનપત્રથી બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભરતભાઈ ચૌહાણ, રસીકભાઈ ચાવડા, નરોત્તમભાઈ પટેલ જેવા અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપ્તીબેન આર. ચૌહાણ અને ઉષાબેન એમ. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. સર્વે જ્ઞાતિજનો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## લાયોનેસ કલબ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા મહિલા દિનની ઉજવણી યોજાઈ





ગાંધીનગર, તા.૮

વિશ્વભરમાં ૮ માર્ચ વિશ્વ મહિલા દિનની ઉજવણી વિવિધ રીતે કરવામાં આવે છે ત્યારે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને લાયોનેસ કલબના સંયુકત ઉપક્રમે કુડાસણ ખાતે સામાજીક, શૈક્ષણિક, સેવાકીય કાર્યક્રમો થકી મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

મહિલા દિન નિમિત્તેના કાર્યક્રમમાં મહિલા સશકિતકરણ, પરંપરાગત રીતે નારી સન્માન તેમજ અન્ય કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં પેરાલીગલ એડવાઈઝર કમિટીના વિમળાબેન અયાચી, સુધીરભાઈ દેસાઈ, નિવૃત્ત ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શર્મિષ્ઠાબેન દવે, સીવીલ જજ એન્ડ લીગલ સચિવ પી.એસ. રાઠોડ હાજર રહ્યા હતા. શર્મિષ્ઠાબેન દવેએ ઘરેલું હિંસા, નારી સરંક્ષણ ધારો, ફેમિલી કોર્ટ વિગેરે વિશે માહિતી પુરી પાડી હતી. પી.એસ. ઠાકોરે જિલ્લા કાનૂની સહાય વિશે સમજ પુરી પાડી હતી. વિમળાબેન અયાચી દ્વારા મહિલા દિનના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત ડીમ્પલબેન દેસાઈ દ્વારા અને આભારવિધિ પ્રીતિબેન શર્મા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં લાયોનેસ કલબની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

## સ્વાઈનફલુ ઉકાળાનું વિતરણ કરાયું






ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના આર્યુવેદિક ડૉકટર તથા તેમની ટીમ દ્વારા કોબાના ગ્રામજનોને સ્વાઈન ફલુના ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોને આરોગ્ય અંગે રોગચાળો ફેલાય નહીં તે ઉદ્દેશથી ગ્રામ પંચાયતના સરપંચ યોગેશભાઈ વી. નાયી, ગ્રામજનો અને સભ્યો દ્વારા કોબા ગામમાં તથા પ્રાથમિક શાળાના બાળકોને ઉકાળાનું વિતરણ કરાયું હતું.

## ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ વિભાગના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

### ત્રણ દિવસ માટે યોજવામાં આવેલ ઉજવણીમાં વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાઓ પણ યોજાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ખાતેના ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ કાર્યાલય દ્વારા તાજેતરમાં તેના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વિભાગના મહાનિર્દેશક દિનેશ ગુપ્તા દ્વારા દેશભરમાં સ્થાપિત કુલ ૨૨ જીપીએસ કેન્દ્રોનું વિડિયો કોન્ફરન્સ મારફતે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના સેકટર-૧૦એ ખાતે સ્થિત કેન્દ્રનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગર કેન્દ્ર દ્વારા તા. ૪થી ૬ માર્ચ દરમિયાન ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૮૫૧માં ૪થી માર્ચના રોજ ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ વિભાગની સ્થાપના કરવામાં આવી હતી જે પૃથ્વી વિજ્ઞાન ક્ષેત્રે કાર્યરત એક મહત્વનું રાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંગઠન છે. આ કારણથી દર વર્ષે ૪થી માર્ચના રોજ વિભાગ દ્વારા 'જીએસઆઈ સ્થાપના દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. દેશભરમાં ખનિજ સંપત્તિ, ખેતી, સિંચાઈ, પાણી તથા વિજળી અને સંચાર ક્ષેત્રે સંબંધિત અભ્યાસોમાં વિભાગનું અભૂતપૂર્વ યોગદાન રહ્યું છે. આ સાથે ભારતીય ઉપમહાદ્વિપના ભૂવિજ્ઞાનને વધુ સારી રીતે સમજવા વિશ્વએ આ વિભાગના કાર્યોનો સ્વીકાર કર્યો છે તેમજ કુદરતી આપત્તિઓ જેવી કે ભૂકંપ, ભૂસ્ખલન, ગ્લેસિઓલોજી અને ધ્રુવીય ક્ષેત્રના ભૂવૈજ્ઞાનિક અભ્યાસના ક્ષેત્રે પણ આ વિભાગ સક્રિય રીતે કાર્યરત છે. આ વર્ષે વિભાગ દ્વારા ઉજવવામાં આવેલા સ્થાપના દિવસ અંતર્ગત ત્રણ દિવસ દરમિયાન સામાન્ય નાગરિકો જેમાં ખાસ કરીને અવશેષો, ખનીજો અને જીવાષ્મિઓ વગેરે સંદર્ભે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી તેમજ ગુજરાત યુનિ.ના ભૂગર્ભ વિભાગના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોત્તરી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમાપને વિજેતાઓને ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા.

## આજે મહિલાઓને 'ઉદ્‌ગમ મહિલા એચિવર એવોર્ડ' એનાયત થશે

ગાંધીનગર, તા.૮

વિશ્વ મહિલા દિન નિમિત્તે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દસમા ઉષા પર્વ નિમિત્તે તેજસ્વી મહિલાઓને 'ઉદ્‌ગમ મહિલા એચિવર એવોર્ડ' એનાયત કાર્યક્રમ આજે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સે-૧૭ ખાતે બપોરે ૩ કલાકે યોજાનાર છે. જેમાં અનારબેન પટેલ, ડૉ જયંતિ રવિ અને નાજાભાઈ ઘાંઘર, ઉષા અગ્રવાલ તથા કેવિન શાહ ખાસ ઉપસ્થિત રહેશે.

## રવિવારે 'ગુજરાતી નવલકથાના ૧૫૦ વર્ષ' વિષયે સાહિત્યિક પરિસંવાદ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે તા. ૧૦મી માર્ચ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે 'ગુજરાતી નવલકથાના ૧૫૦ વર્ષ' વિષયે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદ ગાંધીનગરના સેકટર-૧૯માં યુથ હોસ્ટેલ ખાતે યોજાશે. જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડયા ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહેશે.

ગુજરાતી સાહિત્યમાં નવલકથાઓ વિશેષ સ્થાન ધરાવે છે અને છેલ્લા ૧૫૦ વર્ષથી લોકમાનસ પર નવલકથાઓ અસર ઉભી કરવામાં સફળ રહી છે. ગુજરાતી સાહિત્યમાં નવલકથા સર્જનકળાને ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ સાહિત્યિક પરિસંવાદમાં અતિથિ વિશેષ પદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા તથા નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાંત સુથાર ઉપસ્થિત રહેશે. પરિસંવાદમાં જાણીતા સાહિત્યકાર, લેખક મણિલાલ હ. પટેલ, નવલકથાકાર કવિ કિશોરસિંહ સોલંકી, નવલકથાકાર-વાર્તાકાર કલ્પેશ પટેલ જેવા વકતાઓ તેમના વકતવ્યો રજૂ કરશે.

## બસપાના શ્રી કાશીરામજીના જન્મદિને શ્રધ્ધા સુમન સમારોહ

ગાંધીનગર, તા.૮

બહુજન નાયક શ્રી કાશીરામજીની ૮૫મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત બહુજન સમાજ મિશન સુરક્ષા પરિષદ દ્વારા તા. ૧૫મી માર્ચના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે બપોરે ૧૨ થી ૩ કલાક દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોને મૂર્તિમંત કરવા માટે એક સભા બોલાવેલ છે. જેમાં ગુજરાતના જિલ્લા અધ્યક્ષ, જિલ્લા ઉપાધ્યક્ષ, જિલ્લા મહાસચિવ, જિલ્લા કાનુની સલાહકાર ઉપસ્થિત રહેશે તથા રસ ધરાવતા તમામને આ જન્મજયંતિની ઉજવણી વખતે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## આનંદ લાફીંગ કલબ સેકટર-૭ એ શહીદફાળો અર્પણ કર્યો

ગાંધીનગર, તા.૮

આનંદ લાફીંગ કલબ સેકટર-૭ના વડીલો દ્વારા પુલવામા માં શહીદ થયેલ જવાનો માટેનો ફાળો એકત્ર કરવામાં આવેલ હતો. રૂ. ૨૫૦૦૦ જેટલો ફાળો સૈનિક ફાળામાં ઓનલાઈન જમા કરાવવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ દશરથભાઈ કેશવલાલ, ઉ.વ. ૪૩